બાર વરસની સતી

—અને—

સાઠ વરસનો પતી.




કીંમત ૦ ૧-૬

બાર વરસની સતી

—અને—

સાંઠ વરસનો પતી.



સંગ્રહ કરી છપાવનાર,
નાહનચંદ છગનલાલ શાહ,
તાસવાલા બીલ્ડીંગ સ્ટેશન–સુરત.

સંવત ૧૯૭૯ સને ૧૯૨૩
પ્રત ૫૦૦૦ આવૃતી ૧ લી.

સુરત, બરાનપુરી ભાગોળ, ભાજીવાળી
પોળમાં આવેલા શ્રી "અશોક વીજય"
પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ
હરકીશનદાસે છાપ્યું.

કીંમત ૦–૬–૦.

બાર વરસની સતી અને સાંઠ વરસનો પતી.

ગાયન ૧ લું.

રાગ—ક્યાં ગયોરે પેલો મોરલીવાળો
અમારા ઘુંઘટ ખોલીરે

બાપ તને પૈસાની આ શી લગની લંતર લાગીરે—ટેક
હાથ પાય બે તારા બે રોયા ગયા હતા શું ભાગીરે–બાપ
ગલત કોઢ નિકળ્યો શું અંગે હતો શું મુંગો અંધોર
સુતા વેચવા જેવો હલકો કર્યો કેમ તેં ધંધોરે–બાપ
માડી તું પણ કાંઈ ન બોલી લાલચમાં લોભાણીરે
હવે શીદ આંખોમાંથી ટપકાવે છે પાણીરે–બાપ
જો કરવું તું આમ તો કાં નહી ઝેર દઇને મારીરે
હું જેવી ને કેમ બનાવી વૃદ્ધ પુરૂષની નારીરે–બાપ
થરથરતી જાંગે જણી કહાડી શું આવા ધન કાજેરે
ભલે માવડી તું એમાંથી પડી ખાટલે ખાજેરે–બાપ
હાય હવે આ દિવસ દોહલા કેમ કરી હુ કહાડુંરે
તમે બેહુએ ભુંડું કર્યું મુજ દેહ જઇ ક્યાં પાડુંરે–બાપ
દુષ્ટ તમારા સરખું મેં તો અઘર કૃત્ય નહિ દીઠુંરે
છાતીમાં કાતી રાખીને પિર શું મુખથી મીઠુંરે–બાપ
કુપ ઉતારી વાઢ્યું વ્રત મુજ કેમ જશે જન્મારોરે
હુ ધારૂં છું બાપલિયા તુજ નથી નરકમાં આરોરે–બાપ

આથન ર જું—લાવણી.

રાગ—(ગોરી ચલી સાસરે ફીરફિ કણુઅના)

ઓ બાપ હવે તું બાપજ મ્હારો શાનો
હું તને માનતી હતી બધાથી દાનો
તેં મ્હારૂં સત્યાનાસ અરેરે વાળ્યું
તેં ત્હારા મતલબ કાજ બ્હોતરૂં બાળ્યું
હું તું જેવાને ભુવન હાય જન્મી કાં
જન્મી તો જોવા દુઃખ આમ જીવી કાં
મેં તારા ઘરનું નહિ બહુ ખાધું પીધું
તેં કયા કાળનું વેર બાપ આ લીધું
મુજ વર્ષ દોઢ તો ગયું માત ધાવણમાં
હું હતીજ કયારે ભારે તારા ઋણમાં
શું થયું તેને નુકશાન કહેની હુંથી
બે અઢી વર્ષ મેં ચાળ્યા ભાણા ચુંથી
મેં વર્ષ ચાર તો આ રીતેજ વિતાડયા
બાકીના ઘરનું કરી વૈતરૂં કહાડયા
હું ન્હાના ન્હાના કામ પ્રથમ કરતીતી
માથે ગટકુડા ધરી ભાજી ભરતીતી
ત્રણ ચાર વર્ષ તો છાણ મેળવી છાણા
થાપી કીધાં તૈયાર ગાઉં શા ગાણા
એક વર્ષે ચાદરી બેજ કુંચલી પણ બે,

બે કમખી સાડી માત્ર મને આપી તેં
તુમ ઘેર ટુકડા ટાઢા હું ખાતીતી
કજીઆ ફતવો કરતાં પણ બહુ બ્હીતીતી
હું ત્હારા ઘરમાં જેમ ગેડાગ્રી થાતી ગઇ
એકાકુ મ્હારી માત તેમ થાતી ગઇ
જન્મ બળી જાય છે ભુંડા ગાડું દેખી
મુજ માની ચલગત એવી મેં તો પેખી
મ્હારાથી ચાકર પેટભરો પણ સારો
એને પણ આવે ઘડી બેસવા વારો
હું ગમે તેમ તો બાળકડી કહેવાઉં
મુજ ગજું કેટલું ક્યાંક ચુકી પણ જાઉં
મુજ વાંક જરા જો જાણી જાય જનેતા;
વાગે તો મ્હારા બાર, લજાઉં કહેતાં !
હે કોણી વાવરી કરતાં ગાળો નરવી
અથવાં તો મારી માર ધ્રુજાવે ધરતી
મુજ માત તણી ફરિયાદ બાપ તુજ પાસે
કયમ થાય કહે મુજ થકી ? હૃદય પણ ત્રાસે
વળી એ કરતાં તું નથી વધારે રૂડો
મેં તારા જેવો કોઇ ન દીઠો કુડો
હજી દયા રાખતી હતી જરા જણનારી
પણ બાપલીયા તેં મને જીવતી મારી
તેં મને બતાવી અનેકને લલચાવ્યા

તેં લઈ પોળીઆ પેટીમાં પધરાવ્યા
તેં બા બા કહી મુંજ ઠીક કાટલું કાઢ્યું
તેં તારી મેળે નાક હુય તુંજ વાઢ્યું
તેં પઈસા માટે શીદ ઉકાંચ્યો વધરો
તેં ગોતી કહાડ્યો આવો ક્યાંથી ઢગરો
તું ખોટો કર આ એહ ઢોંગ છોડી દે
તું અગ્નિ કે જલ સાથે મને જોડી દે
આ મેં પણ હીંદુ કોમ પુંત્રીને પાણો
માને તેથા તું લાલચમાં લોભાણો
છે ધન્ય છાતી તુજ અને ધન્ય તુજ હીંમત
તુજને અબળાના હૃદય તણી શી કીંમત.
મુજ માતાના છે દોષ અલ્પ તુજ આગળ
તેં તો મ્હારૂં બસ કહાડી નાખ્યું કાસળ
દર વર્ષ રૂપીઆ ત્રીશ હશે મે ખાધા
એમાં પણ ઉડતા હતા વખત પર વાંધા
દશ વર્ષ લગી તેં ત્રણસો ખાર કે દીધા
તે બદલે દશ હજાર ફુઇ તે લીધા
મન ન્હોતું માનતું વીક્રયમાં મુજ માનું
તેં એનું ફેરવ્યું ફંદ રચીને પાનું
જો કે હું ઘરનું કોમ બધું કરતીતી
નહી ખમાય એવો ઠપકો સાંભળતીતી
તે છતાં ઉરે મુજ ગુન્હો કહે શું પેમે

તું આમ દઇત્યનું રૂપ લઇ કાં બેઠો
આ તાલ રૂપૈયા કહી એ રહેશે
તું યાદ રાખજે દંડ દઇવડો દેશે
જે ચક્રવૃદ્ધીનું વ્યાજ હશે ખાનારો
તું તે કરતાં પણ સોળગણો ગોઝારો
વય તારૂં વર્ષ અઢાર તણું કદી હોય
તુજને પરણાવે ડોશી સાઠની કોય
ઓ બાપ તને એ કેવું વસમું લાગે
હું જાણું એમ જરૂર મ્હોત તું માગે
કાં જવાબ દેતો નથી ભેંસના ભાઈ
કયમ મ્હોડું તારૂં ગયું સાવ શીવાઈ
તુંજ સમા દેશમાં જન્મ્યા જયારથી પાપી
દુરદશા ત્યાથી વણિક શિરપર–વ્યાપી
હું હવે સાસરે ફરી કદી નહી જાઉં
પ્રભુ સોગન તારી પાસ આજ હું ખાઉં
હું શુકલતીર્થમાં જઇશ ભભુતી ચોળી
હું કાંધે વળગાડીશ ભીખની ઝોળી
હું રામનામની લઇશ હાથમાં માળા
હું ગાઇશ ગોવીન્દગાન હમેશ રસાળા
તેં દુષ્ટ પીતા આ લોક બગાડયો મારો
પરલોક તનો લઈ લ' હવે સધીયારો
હું બેઉ પક્ષને લવ નહીં એબ લગાડું

હું તુજ પેઠે ભૂ રેવગી નહીજ બગાડું
નથી પ્રણામ કરવા ચોગ્ય તોય કરૂં છું
હું નથી દીકરી તારી દેવી હું છું
જા શાપ નથી હું તુજને મુખથી દેતિ
એમ કઠણ શબ્દ પણ તુંજને નથી કહેતિ
તુંજ વાકય આટલું સુણી સુખેથી જાઓ
તુંજ સમા પુત્રીના પીતા કદી ના થાઓ
મુજ માને મ્હારૂં પગેલાગણું કહેજે
સુત શ્યામ તણો આ સંદેશો જઈ દેજો

ગાયન ૩ જું.

(ચિંતા મુકી બાપુ ચડો [illegible]એ રાહ)

પુછે જોશીને ચોઅડીયું શાને નામનું રે
શાને નામનું રે (૨) પુછે.
જમાઇના ઘર કેરૂ નાણું
ભરી કોથળી ઘરમાં આણ્યું
ચોવડીયું આ દીકરીનું કે દામનું રે પુછે
ઘરમાં સૌ [illegible]કડી કહેશે

પણ જ્યાં નાથ નીરખવા બેસે
મુખ ભાળે ત્યાં સાઠ વરસના શ્યામનું રે પુછે
શ્યામ વાળ બાળાને શીરે
ધણીને ધોળા સર્વ શરીરે
વજન વધારે કસાઇથી આ કામનું રે પુછે
સહીયર આવી વચન સુણાવે
કહી મર્મમાં આલી અકળાવે
સખી મળ્યું આ જોડું તે ક્યા ગામનું રે પુછે

ગાયન ૪ થું.

ગઝલ

સુતાનું નામ દીવાળી પરંતુ ખડકી હોળી
બીચારી બાળીને સાઠનાની સોંપી ડોળી
વજન એ બાપડીનું આશરે મણ એક હતું
રૂપીયા આઠ મણ તેના લઇને કીધુ મતું
કહેવો બાપ આને અથવા શું કહેવો કસાઇ
અમે તો એથી વધતી જોઇ આમાં બેવફાઇ

કસાઈઓ તો કરે છે રક્ષણ બીજના બાળકોનું.
શીખાવી આ તો મારે કામ આમા કુરૂર કોનું
મહાને જયારે ખુશ મીંઢળ મા ને બાપ બાંધે.
સુખના હીતનો ત્યારે યોગ બીજા કોણ સાંધે;
લઇને દીકરીના પૈસા કે જે હાથ મુછે
પરન્તુ ન્યાતીલાનું પંચ તેને કાંઇ ના પુછે
પરોણો હરખો આવ્યો તો કહે આવો ભાઈ હરખા
બીચ રો હરખો આપે ઉત્તર આપણુ બેય સરખા
વદે છે શ્યામ સુત દુર્લભ પુરૂષો જયા છે આવા.
કહો ત્યાં કયમ ન ચાલે દુર્જનોના કાવાદાવા

ગાયન ૫ મું.

રાગ — સવૈયા એકત્રીશા

જે વઇશ્યોના ગુહસ્થાશ્રમથી શોભીતો છે આ સંસાર
જે વઇશ્યોના ઉદ્યમથી ચાલે છે સઘળો વ્યવહાર.
શેઠ અંબર તો બાદશાહના નામે જે વ્યકતી ઓળખાય
તે વ્યકથીના હાથ વંશજો હવે ત્રીજું ખાય

જે વર્ણીશ્યોની ખીરધારથી ચાલે અન્ય તણો ઉદયોગ
જે વર્ણીશ્યોના દયા દાનથી મળે વીપ્રને ઉત્તમ યોગ
જે વર્ણીશ્યો નીજ ધર્મ કર્મથી સર્વ સ્થળે ઉજ્જવલ દેખાય
તે વર્ણીશ્યોના વંશજ કરથી હાય હવે કન્યા વેચાય
વસવાયા પણ જે વર્ણીશ્યોના આશ્રમથી ચલવે ગુજરાન
ચાર વર્ણમાં ચતુર તણું શુભ મળી ગયું છે જેને માન
જે વર્ણીશ્યોની સ્નેહ દ્રષ્ટીથી અબળ સબળ સર્વે પોસાય
તે વર્ણીશ્યોના હાય વંશજો અન્ન સુતાના ધનનું ખાય
હોય ઓશરાગત તેનું જે બંધાવી આપે ઘરબાર
શરણે આવેલાને દેજે ધીરજ હીંમત વારંવાર
ગમે તેમ આફત આવે પણ ભીખ માંગવા જે નહી જાય
તેવા ટેકીલાના વંશજ હામ દીકરી કેરા ખાય
દેશ અગર પરદેશ તણો નવ વણીક વગર ચાલે વ્યાપાર
વણીક વગર નહી થાય કોઇથી કાર્યભાર નૃપનો શ્રીકાર
વણીક વગરનું ગામ હોય જે તેહ ગામમાં નહીં ગણાય
આવા વર્ણીશ્ય તણા સન્તાનો હાય પુત્રીના પૈસા ખાય
મુંગા જાનવરોની વ્હારે જે વર્ણીશ્યો વેગે ધસનાર
પારેવા જેવા પક્ષીને જે વર્ણીશ્યો છે ચણ દેનાર
જે વર્ણીશ્યોથી દુઃખ પરાયું અલ્પ સમય પણ નહી જોવાય
તેના વંશજના ક[illegible] કન્યાને પૈસે ખરડાય

ગાયન ૬ ઠું.

માલીની

હરહર શીવ આ તે કેટલું નીચ કર્મ
નયન થકી ન દીઠો કોઈ આવો અધર્મ
હૃદય સ્થીર રહે ના ધૈર્ય તો જાય ખુટી
સરલ સુખ સુતાનું લે પીતા માત લુટી
અરર રૂધીર જે છે પુત્રીનું પી જનારા
જરૂર નરકગામી દુષ્ટ તે તો થનારા
પશુ થકી હલકા આ વર્ધનાયન શા વીચારો
થરર થરર કંપું જોઈ આવા પ્રકારો

ગાયન ૭ મું.

સવૈયા

કન્યાવીક્રય કહેર કરે છે [illegible] ઔર હીંદુસ્તાન
[illegible] પીતાનું [illegible] [illegible] જો [illegible]

અમે આર્ય આચાર વીચારે નહી અમ સમ કો હીં૦
એમ કહે પણ પાપપંકમાં મારે કુદકો હીં૦
આ તે તારી પ્રજા તણું છે કેવું વર્તન હીં૦
સ્વાર્થ છરી કર ગ્રહી સુતાનું કાપે ગર્દન હિં૦
ધર્મ ગયો કે સત્ય ગયું વા દયા ગઇ એ હીં૦
કયા કારણે પશુથી વૃત્તી નીચ થઇ એ હીં૦
પશુ પણ પોતાના બચ્ચાંની પરવા રાખે હીં૦
પણ ધનલોભી તનુજા કંઠે ફાંસો નાંખે હીં૦
દ્રવ્ય દઇને વસ્તુ લેવી તે તો ક્રય છે હીં૦
દ્રવ્ય લઇને વસ્તુ દેવી તે વીક્રય છે હીં૦
કન્યા વસ્તુ સમજી જે વેચે નર એ હીં૦
તે પામર નર નર નહી પણ છે ખરેજ ખર એ હીં૦
જે દુઃખમાં વ્હારે ચઢનારા તે સુખ લુટે હીં૦
તેવાનું સુખ દઇવ કહો પછી કેમ ન ઝુંટે હીં૦
અમૃતનો પ્યાલો પાનારો ઝેર પાય જો હીં૦
આ ભવમાં પેલા ભવમાં કયમ સુખી થાય તો હીં૦
ફરી ફજેતાં ભરતખુપનો બાગ બગાડે હીં૦
શાન્ત સ્થીતીના ઘરમાં પેશી આગ લગાડે હીં૦
ફુલ હોય ત્યાં કાંટા જેવી કઠોરતા શી હીં૦
અસહ્ય જુલમ આ ... ક્યમ જાય ન ત્રાસી, હીં૦

કુરૂપ ગુણ્યું નહી કામ હુંસમાં મતલબ માટે હીં૦
વર કન્યાના ફરે દલાલો વાટે ઘાટે હીં૦
ધનને અર્થે સારૂં નરસું જુએ ન અંધા હીં૦
નહી કરવાનાં કરવા માંડયા કેવા ધંધા હીં૦
નાગર-બાગની કોયલડીને વનમાં દે'કે હીં૦
ચાર દીવસનું ચટકું જાણી ચાલે લ્હેકે હીં૦
મીઠા જલની માછલડી જયાં મુકાય દરીએ હીં૦
ઇચ્છા-વરના તત્વ તણી ત્યાં વાત શું કરીએ હીં૦
સાચી મુક્તા-માળ ખરીદે ધન દઈ વનચર હીં૦
ખરા ઝવેરી રહે રખડતા એ શું હર હર હીં૦
વરને બદલે જરની જોડે લગ્ન કરે શું હીં૦
અલંકાર કે વળ કુળ માટે મોહી મરે શું હીં૦
ઘટતું છોડીને અણુઘટતું કરવા માંડયું હીં૦
સ્વાર્થ જેટલું સ્વીકારીને સાચું છાંડયું હીં૦
જોવા જોઈએ વય વીદ્યા બળ નહી જુએ તે હીં૦
પાછળથી પુત્રીદુઃખ દેખી હાય રૂએ છે હીં૦
એ આંસુના ટીપાં તું ગણ લોહી બરાબર હીં૦
દુઃખના ઝાડો એથી ઉગ્યા તારી ઉપર હીં૦
અણગમતી વસ્તુને ગમતી બ[illegible] હીં૦

કરવા બેસે પણ નહી તેનો ભેદ વીચારે હીં૦
અમોલનું તો ઘટેજ કરવું વીશેષ સારૂં હીં૦
એ સુત્રને છોડી દઈને કરે નઠારૂં હીં૦
જે જન નીજ સન્તાનો કેરૂં કરે ન મંગલ હીં૦
તે બીજાનું શું કરવાના ભલું એક પલ હીં૦
અમે દુઃખી ને અમે દરીદ્રી એમ વદે મુખ હીં૦
પાપકર્મ પણ તજે ન મનથી થાય કેમ સુખ હીં૦
બંટી વાવી ઘઉંની આશા કેમ રાખીએ હીં૦
જેવી કૃતી ફળ તેવું જગમા જરૂર ચાખીએ હીં૦
નથી અન્યાયી પક્ષપાતી નથી જગનો સ્વામી હીં૦
જલમા સ્થલમાં રમી રહયો છે અંતર્યામી હીં૦
સકલ સૃષ્ટીના દ્રષ્ટાથી તું શું સંતાડે હીં૦
બગાડવા બીજાનું જાતાં તારૂં બગાડે હીં૦
લોક વાયકાના કરતાં તું વધું પ્રભુ ભય ધર હીં૦
ફરી નીહાળીશ તો તું દ્રગથી તુજ દીન સુખકર હીં૦
જે નર ખર પુત્રીના ધનથી મઝા ઉડાવે હીં૦
તે હુચ્ચો પછી કેમ ન પરનો માલ પચાવે હીં૦
મરદ મુંછાળો બળદ પુછાળો શું પદ દઈએ હીં૦
ચોળી ચુડી પહેરાવુર શું એને કહીએ હીં૦

એના કરતાં રાંડીકુંડી ઘનીણુ સારી હીં૦
મુણી રેંટીએ પેટ પોતીકુ હા ભરનારી હીં૦
કન્યા વરને યોગ્ય થાય ત્યાં વરજી મશાણે હીં૦
જઇ પ્હોંચે એ ભેદ જુલમનો કોઇક જાણે હીં૦
જાણી જોઇ વીધવાઓને હાય વધારે હીં૦
બાલકની હત્યાને લીધે નીજ સુખ હારે હીં૦
કેર કહું કન્યાવીક્રયનો કેવી રીતે હીં૦
કેર ઘણો ને સબ્દો થોડા ચડે ન ચીત્તે હીં૦

ગાયન ૮ મું.

ગઝલ

અમે તો વાણીઆ બ્રાહ્મણ અમે ઉંચા બધાથી
કહીને એમ મારે દીકરીને ગુપ્ત ઘાથી — અમે
બરસ દશ બારનીને સાઠનાની કોટે બાંધે
હરખ દેખાડવા તેનો પછી કંસાર રાંધે — અમે
વટાવી લાવ્યો હુંડી હોય જાણે ગાંઠે બેલી
હરે બહુ એ પ્રમાણે ધુવત — ૧. ગેલી — અમે

સુતાને વેચવાથી હાથમાં જે થેલી આવે
દુકાનો માંડીને તેના વડે ધંધો ચલાવે અમે
કદ ગો પયસો તેથી વીજ દેખે અથવા ચુકે
પછી સંભારી છેવટ બાપ નામે પોક મુકે અમે
ઘણા ઉદયોગ વગર વેર બેઠા જાય આવી
અગર એવા જનોનું ખાય છે દુન્યા ફસાવી અમે
વસે જયાં લોભી લોકો ધુર્ત ત્યાં ભુખે મરે ના
વીધાતાના ખરેખર બોલ એ ખોટા ઠરે ના અમે
રૂંવાડું મીંદડીનું જેવું તેવું ધન સુતાનું
કહે સૌ જ્ઞાન એવું કોકને તો પણ થવાનું અમે
સુતાને વેચનારા વાણીઆ ને વીપ્ર કેવા
અમે નહી માનનારા એમને અતી શુદ્ર જેવા અમે
નથી રાજી થતાં ચાંડાલ 'ધી'નું ધન લઇને
ખુશી એ થાય છે થોડું ઘણું સામું દઇને અમે
વદે છે શ્યામ સુત દુર્લભ વચન આ નહી વીસરજો
સુતાના દામખાયાને અડો તો સ્નાન કરજો અમે

